# BUSINESS મિત્ર

નિફ્ટીએ 24000 પોઇન્ટની સપાટી કુદાવી, સેન્સેક્સ 1074 પોઇન્ટ વધ્યો, ક્રુડ 100 ડોલરની નીચે

## હોર્મુઝ સ્ટ્રેટ ખુલવાની આશાએ બજારોમાં ઉછાળો જોવાયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 25:** સપ્તાહની શરૂઆત ગેપ અપ ઓપનીંગ સાથે થઇ હતી અને બજારો વધુ ઉછાળા સાથે બંધ રહ્યા હતા. જેમાં નિફ્ટીએ 24000 પોઇન્ટની સપાટી કુદાવી હતી. અમેરિકા અને ઇરાન વચ્ચે શાંતિ મંત્રણા આગળ વધી છે અને 30 દિવસમાં હોર્મુઝ સ્ટ્રેટ ખુલી જશે, જેના લીધે ક્રુડના સપ્લાયની સમસ્યા પણ હળવી થઇ જશે. આ અહેવાલના પગલે ક્રુડ ઓઇલના ભાવમાં ઝડપી ઘટાડો થઇ ગયો હતો અને 100 ડોલરની નીચે સરકી જવા પામ્યો હતો. જોકે, ભારતમાં ચોથી વખત પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો કર્યો છે.જેથી પેટ્રોલની કિંમત રૂ. 100ને પાર નીકળી ગઇ છે. જ્યારે ઓઇલ માર્કેટીંગ કંપનીઓનું નુકશાન ઘટવાની અપેક્ષાએ ઉછાળો જોવાયો હતો. ઉલ્લેખનીય છે કે, કોમોડીટીઝ માર્કેટમાં જુલાઇ 2026 સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 5.76 ડોલર એટલે કે 5.56 ટકા ઘટીને 97.78 ડોલર પર પહોંચી ગયા હતા.

વૈશ્વિક મજબૂત સંકેતો અને બેન્કીગ-ઓટો શેરોમાં ખરીદીના કારણે તેજી જોવા મળી હતી, જેથી નિફ્ટીએ 24000 અને સેન્સેક્સ 76000 પોઇન્ટની સપાટી કુદાવી હતી. રોકાણકારોની સંપત્તિમાં રૂ. છ લાખ કરોડનો વધારો થયો છે.

બીએસઇ સેન્સેક્સ 76000 પોઇન્ટની સપાટી કુદાવી હતી. સેન્સેક્સ 1073.61 પોઇન્ટ એટલે કે 1.42 ટકા વધીને 76488.96 પોઇન્ટની સપાટી પર બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 76559 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 76097 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 24000 પોઇન્ટની સપાટી કુદાવી હતી. આજે નિફ્ટી 312.40 પોઇન્ટ એટલે કે 1.32 ટકા સુધરીને 24031.70 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી.

આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24054 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નિફ્ટી 23922 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1238.30 પોઇન્ટ એટલે કે 2.29 ટકા વધીને 55293.65 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે વ્હલર્પુલ ઇન્ડિયામાં 7.87 ગણા, કોલગેટ પામોલીવમાં 4.77 ગણા, થ્રીએમ ઇન્ડિયામાં 2.74 ગણા, ટાટા કન્ઝયુમરમાં 2.55 ગણા અને મધરસન સુમીમાં 2.41 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે અમરરાજા એનર્જીમાં 15.96 ગણા, જયુપીટર વેગન્સમાં 11.5 ગણા, બ્લુજેટ હેલ્થકેરમાં 10.76 ગણા, ટીટાગઢ રેલ સીસ્ટમમાં 9.12 ગણા, ટેનેકો કલીન એરમાં 5.14 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.80 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ 1.22 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહ્યા હતા. બીએસઇ ઉપર 2792 શેરો વધ્યા હતા, જ્યારે 1532 શેરો ઘટ્યા હતા અને 223 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેક્સ 2.90 ટકા વધ્યો હતો. જે છેલ્લા પાંચ ટ્રેડિંગ સેશનમાં 3.77 ટકા વધ્યો હતો. જેમાં યુનિયન બેન્ક, બેન્ક ઓફ ઇન્ડિયા, કેનેરા બેન્ક, પીએનબી, યુકો બેન્ક, બેન્ક ઓફ બરોડા, સ્ટેટ બેન્ક, ઇન્ડિયન બેન્ક, પંજાબ એન્ડ સિંદ બેન્ક અને બેન્ક ઓફ મહારાષ્ટ્રના શેરોમાં ઉછાળો જોવાયો હતો.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ ફ્યુચર 444 પોઇન્ટ ઉછળતા સકારાત્મક વલણ આપી રહ્યા છે. અમેરિકા અને ઇરાન વચ્ચેના સોદાની આશાએ સપ્તાહના અંતમાં વધી હોવાથી યુરોપિયન બજારોમાં સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારમાં સુધારા સાથે બંધ રહ્યા હતા. જાપાનના નીક્કીએ પ્રથમ વખત 65000 પોઇન્ટના આંકડાને તોડીને રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યા હતા. હોર્મુઝ સ્ટ્રેટ ટુંકસમયમાં ફરીથી ખુલી શકે છે, જેથી રોકાણકારોના સેન્ટિમેન્ટ સુધારો જોવાયો હતો. હોંગકોંગ અને દક્ષિણ કોરિયાના બજારો જાહેર રજાના પગલે બંધ રહ્યા હતા. યુએસના બજારો પણ આજે મેમોરિયલ ડેના લીધે બંધ રહેશે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.22 ટકા, કેક 0.37 ટકા અને ડેક્સ 1.13 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.76 ટકા, સ્ટ્રેઇટ્સ 0.05 ટકા, તાઇવાન 3.15 ટકા, જકાર્તા 0.71 ટકા અને શાંઘાઇ 0.96 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો વધુ ઉછળ્યો, 95.23ના સ્તરે

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 25:** કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો વધુ મજબૂત થયો હતો. રિઝર્વ બેન્કની દરમ્યાનગીરીના પગલે રૂપિયો વધુને વધુ મજબૂત થતો જોવા મળી રહ્યો છે. જે 97ને પાર નીકળી ગયો હતો, ત્યારથી રિવર્સ થયો છે અને સતત ઘટાડો થઇ રહ્યો છે. આજે પણ ડોલરની સામે રૂપિયો 47 પૈસા ઉછળીને 95.23ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.70ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 110.73, પાઉન્ડ 128.68, કેનેડિયન ડોલર 69.00, ઓસ્ટ્રેલિયન ડોલર 68.56, જાપાનીઝ યેન 0.5992, સીંગાપોર ડોલર74.39ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.23 રૂ. |
| યુરો | 110.73 રૂ. |
| પાઉન્ડ | 128.68 રૂ. |
| યેન | 0.5993 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 1073.61 | 76488.96 |
| નિફ્ટી | 312.40 | 24031.70 |
| બેન્ક નિફ્ટી | 1238.30 | 55293.65 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇશર મોટર | 6.19 | 7414.00 |
| અદાણી એન્ટર | 4.87 | 2849.70 |
| બજાજ ફાઇ. | 2.77 | 941.90 |
| ટીએમપીવી | 2.72 | 373.25 |
| લાર્સન-ટુબ્રો | 2.72 | 4033.40 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મેક્સ હેલ્થકેર | 2.19 | 1000.85 |
| ઓએનજીસી | 1.74 | 284.95 |
| હિન્દાલ્કો | 0.87 | 1099.60 |
| નેસલે ઇન્ડિયા | 0.67 | 1413.60 |
| બજાજ ઓટો | 0.55 | 10491.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 2.80 | 942.00 |
| લાર્સન-ટુબ્રો | 2.71 | 4033.30 |
| એચડીએફસી બેન્ક | 2.67 | 786.85 |
| ઇટર્નલ | 2.40 | 247.75 |
| બજાજ ફિનસર્વ | 2.37 | 1807.20 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 0.49 | 1168.65 |
| ટીસીએસ | 0.41 | 2307.75 |
| સન ફાર્મા | 0.21 | 1841.30 |
| એચયુએલ | 0.21 | 2197.45 |

## ઈરાન યુદ્ધનો અંત આવ્યા પછી ડોનાલ્ડ ટ્રમ્પ ક્યુબા પર ત્રાટકી શકે છે



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે ઈરાન પછી તેઓ ક્યુબા પર હુમલો કરશે. ડોનાલ્ડ ટ્રમ્પે જાન્યુઆરીમાં વેનેઝુએલામાં સત્તા પરિવર્તન બાદ ક્યુબાને પણ કહ્યું હતું કે તેણે અમેરિકા સાથે સોદો કરવો જોઈએ અથવા પરિણામો ભોગવવા માટે તૈયાર રહેવું જોઈએ. તેમણે સંકેત આપ્યો કે વેનેઝુએલા પછી ઈરાન અને પછી ક્યુબામાં શાસન પરિવર્તન તેમનું આગામી લક્ષ્ય છે. ફ્લોરિડાથી માત્ર ૧૪૫ કિ.મી. દક્ષિણમાં સ્થિત આ ટાપુ રાષ્ટ્ર ૧૯૬૦ ના દાયકાની શરૂઆતથી અમેરિકન પ્રતિબંધોનો સામનો કરી રહ્યો છે. જાન્યુઆરીમાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે વેનેઝુએલાથી ક્યુબામાં તેલ અને નાણાંનો પ્રવાહ હવે બંધ થઈ જશે. ત્યાર બાદ ક્યુબાના રાષ્ટ્રપતિ મિગુએલ ડિયાઝ-કેનેલે કહ્યું કે કોઈ અમને કહેશે નહીં કે શું કરવું. ક્યુબાના વિદેશ મંત્રીએ કહ્યું હતું કે તેમના દેશને કોઈ પણ હસ્તક્ષેપ વિના બળતણ આયાત કરવાનો અધિકાર છે.

વેનેઝુએલાની રાજધાની કારાકાસ પર થયેલા હુમલા અને અમેરિકન ઓપરેશનમાં વેનેઝુએલાના નેતા નિકોલસ માદુરોની ધરપકડ બાદ ટ્રમ્પ જે દેશો પર નજર રાખી રહ્યા છે તેમાં ક્યુબાનો સમાવેશ થાય છે. ક્યુબાનો લાંબા સમયથી મિત્ર વેનેઝુએલા દરરોજ લગભગ ૩૫,૦૦૦ બેરલ ખનિજ તેલ ક્યુબા મોકલતો હોવાનું માનવામાં આવે છે. વેનેઝુએલાના તેલ ટેન્કરોને જપ્ત કરવાની ટ્રમ્પ વહીવટીતંત્રની વ્યૂહરચનાએ ક્યુબાની પહેલાંથી જ ખરાબ ઇંધણની પરિસ્થિતિને વધુ ખરાબ કરી દીધી છે. જાન્યુઆરીમાં અમેરિકાએ ઘણાં ક્યુબન તેલ ટેન્કરો જપ્ત કર્યાં હતાં. માર્ચમાં ક્યુબાના નાણાંમંત્રી અલેજાન્ડ્રો ગિલ ફર્નાન્ડીઝની ભ્રષ્ટાચારના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી. ક્યુબાના વેનેઝુએલા સાથે ગાઢ સંબંધો હતા, જે ક્યુબાના ડોકટરો અને તબીબી કર્મચારીઓના બદલામાં ક્યુબાના લગભગ ૩૦ ટકા તેલનો પુરવઠો પૂરો પાડતો હોવાનું કહેવાય છે. અમેરિકા દ્વારા વેનેઝુએલામાં નિકોલસ માદુરોને સત્તા પરથી હટાવ્યા પછી જો ખનિજ તેલનો પુરવઠો ખોરવાઈ જાય તો ક્યુબાને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

૧૯૫૯માં સામ્યવાદી ફિડેલ કાસ્ટ્રોએ ક્યુબામાં અમેરિકા સમર્થિત સરકારને ઉથલાવી દીધી ત્યારથી અમેરિકા અને ક્યુબા વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ રહ્યા છે. જો કે, બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો સુધારવા માટે ખાસ કરીને બરાક ઓબામાના કાર્યકાળ દરમિયાન પગલાં લેવામાં આવ્યાં હતાં, પરંતુ ટ્રમ્પ વહીવટીતંત્રે ઓબામાની ઘણી નીતિઓ ઉલટાવી દીધી છે. એક વર્ષ પહેલાં પોતાના બીજા કાર્યકાળ માટે શપથ લીધાના થોડા સમય પછી ડોનાલ્ડ ટ્રમ્પે ક્યુબાને આતંકવાદનું પ્રાયોજક રાજ્ય ગણાવ્યું હતું. અમેરિકાએ ક્યુબાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રાઉલ કાસ્ટ્રો પર હત્યાનો આરોપ મૂક્યો છે, જેનાથી એવી અટકળો શરૂ થઈ છે કે અમેરિકાના હુમલાની યાદીમાં ક્યુબા આગળ હોઈ શકે છે. અમેરિકાની મહત્તમ દબાણ નીતિએ ક્યુબામાં દાયકાઓમાં સૌથી મોટી ઇંધણ અને વીજળી કટોકટી ઊભી કરી છે. દરમિયાન, અમેરિકન અધિકારીઓનો એક વર્ગ સતત કહી રહ્યો છે કે ૬૬ વર્ષથી સત્તામાં રહેલી સામ્યવાદી સરકારનો અંત આવવો જોઈએ.

રાઉલ કાસ્ટ્રો પર અનેક ગુનાઓનો આરોપ છે, જેમાં ૧૯૯૬માં ક્યુબન ફાઇટર જેટ દ્વારા બે અમેરિકન વિમાનને તોડી પાડવાનો પણ સમાવેશ થાય છે. હવે એવી અટકળો ચાલી રહી છે કે અમેરિકા તેમની ધરપકડ કરવા માટે લશ્કરી કાર્યવાહી શરૂ કરી શકે છે અને તેમને ટ્રાયલનો સામનો કરવા માટે અમેરિકા લાવી શકે છે. વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોના કિસ્સામાં આ પહેલાં પણ આવું બન્યું છે. જો કે, ડોનાલ્ડ ટ્રમ્પે હજુ સુધી સ્પષ્ટતા કરી નથી કે તેઓ ક્યુબામાં પણ આવી જ ઝુંબેશ ચલાવવાનું વિચારી રહ્યા છે કે નહીં. ઘણા અમેરિકન કાયદા

ટ્રેન્ડ પોઇન્ટ

■ સંજય વોરા ■

નિર્માતાઓએ ખુલ્લેઆમ તેની માંગણી કરી છે. નિષ્ણાતો કહે છે કે રાઉલ કાસ્ટ્રોને લશ્કરી રીતે પકડવા શક્ય છે, પરંતુ તેમાં નોંધપાત્ર જોખમો સામેલ છે. તેઓ ઘણા વૃદ્ધ છે અને સુરક્ષા પણ ખૂબ જ કડક છે. લેટિન અમેરિકા પર વોશિંગ્ટન ઓફિસના નિષ્ણાત એડમ આઇઝેકસને જણાવ્યું હતું કે રાઉલ કાસ્ટ્રોનું પ્રતીકાત્મક મહત્ત્વ ખૂબ જ છે, તેથી તેમની સુરક્ષા કડક છે, પરંતુ તેમને પકડવા અશક્ય નથી.જો કે, તેમનું માનવું છે કે કાસ્ટ્રોની ધરપકડથી ક્યુબાના સત્તાકીય માળખા પર કોઈ મોટી અસર પડશે નહીં, કારણ કે તેમણે ૨૦૧૮ માં જ રાષ્ટ્રપતિપદ છોડી દીધું હતું અને હવે તેમની ભૂમિકા વધુ પ્રતીકાત્મક માનવામાં આવે છે.જો કે, સ્થાનિક રાજકીય દૃષ્ટિકોણથી આ અમેરિકા માટે એક મોટી જીત હોઈ શકે છે. સ્થાનિક રાજકીય કારણોસર તે કદાચ સફળ સાબિત થશે. તેઓ ફિડલ કાસ્ટ્રોના પરિવારને અપમાનિત કરવા ૧૯૫૯ના જૂના ક્રાંતિકારીઓમાંના એક રાઉલ કાસ્ટ્રોને જેલમાં ધકેલી દેવા માંગે છે. ક્યુબામાં ફિડલ કાસ્ટ્રોનો પરિવાર હજુ પણ પ્રભાવ ધરાવે છે, પરંતુ તે સમગ્ર વ્યવસ્થાનું કેન્દ્ર નથી. અમેરિકા ક્યુબા પર કબજો જમાવવા માગે છે.

ડોનાલ્ડ ટ્રમ્પ સહિત ઘણા અમેરિકી અધિકારીઓએ સંકેત આપ્યો છે કે ક્યુબામાં એક નવી નેતૃત્વ પ્રણાલીનો ઉદય થઈ શકે છે. આ વેનેઝુએલા જેવું મોડેલ હોઈ શકે છે, જ્યાં સરકાર સંપૂર્ણપણે બદલાઈ નથી, પરંતુ નવી સિસ્ટમથી ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે સીધી વાતચીત શરૂ થઈ ગઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર કહી ચૂક્યા છે કે તેઓ ક્યુબાની અંદરના કેટલાક લોકોના સંપર્કમાં છે જેઓ આર્થિક સંકટ વચ્ચે અમેરિકા પાસેથી મદદ માંગે છે. તેમણે ૧૨ મેના રોજ ટ્રુથ સોશ્યલ પર લખ્યું કે ક્યુબા મદદ માંગી રહ્યું છે અને અમે વાટાઘાટો કરીશું. થોડા દિવસો પછી સીઆઇએના ડિરેક્ટર જોન રેટક્લિફે ક્યુબન અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. આમાં ફિડલ કાસ્ટ્રોના પૌત્ર રાઉલ ગિલેર્મો રોડ્રિગ્ઝ કાસ્ટ્રો અને ગૃહ પ્રધાન લાઝારો અલવારેઝ કાસાસનો સમાવેશ થાય છે. અમેરિકા ક્યુબામાં ઘણા ફેરફારોની અપેક્ષા રાખી રહ્યું છે. આમાં અર્થતંત્ર ખુલ્લું પાડવું, વિદેશી રોકાણ વધારવું, દેશનિકાલ કરાયેલા ક્યુબન જૂથોને ભાગીદારી આપવી અને ક્યુબામાં રશિયન અથવા ચીની ગુપ્તચર એજન્સીઓની હાજરીનો અંત લાવવાનો સમાવેશ થઈ શકે છે. આ ફેરફારો છતાં, ક્યુબાની વર્તમાન સરકાર મોટા ભાગે અકબંધ રહી શકે છે.

નિષ્ણાતો કહે છે કે ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર સામે સૌથી મોટો પડકાર એ છે કે ક્યુબામાં કોઈ સ્પષ્ટ નેતા નથી જેને આ નવી વ્યવસ્થાના ચહેરા તરીકે રજૂ કરી શકાય. ત્રીજી શક્યતા એ છે કે ક્યુબા ભારે આર્થિક દબાણ હેઠળ તૂટી શકે છે, કારણ કે તે હાલમાં લાંબા સમય સુધી વીજળી ગુલ થવાનો અને ખોરાકની તીવ્ર અછતનો સામનો કરી રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ક્યુબા તૂટી રહ્યું છે. ત્યાં પરિસ્થિતિ ખરાબ છે અને સરકારનું નિયંત્રણ નબળું પડી રહ્યું છે. નિષ્ણાતો કહે છે કે ચિત્ર આના કરતાં વધુ જટિલ છે. આર્થિક કટોકટી હોવા છતાં, ક્યુબન સરકાર અને તેના સુરક્ષા તંત્ર મોટા ભાગે નિયંત્રણમાં છે. ક્યુબાના અર્થતંત્ર અને ક્યુબાની સરકારને અલગથી સમજવાં જોઈએ. અર્થતંત્ર ભાંગી રહ્યું છે, પરંતુ સરકારી વ્યવસ્થા, ખાસ કરીને સુરક્ષા તંત્ર, હજુ પણ કાર્યરત છે.

ક્યુબાનાં લોકો દિવસમાં માત્ર ૧,૦૦૦ થી ૧,૫૦૦ કેલરી પર જીવી રહ્યા છે અને તેમને મૂળભૂત તબીબી સારવાર પણ મળી શકતી નથી. જો પરિસ્થિતિ વધુ વણસે અને મોટી સંખ્યામાં ક્યુબન લોકો દેશ છોડવાનું શરૂ કરે, તો તે ટ્રમ્પ વહીવટીતંત્ર માટે પણ એક પડકાર બની શકે છે. જો ક્યુબાનાં લોકો અમેરિકા તરફ સ્થળાંતર કરવાનું શરૂ કરે, તો તે તેમના માટે ઘણી મુશ્કેલી ઊભી કરી શકે છે. જો સિસ્ટમ પડી ભાંગે તો મોટી સંખ્યામાં લોકો કોઈ પણ રીતે દેશ છોડવાનો પ્રયાસ કરશે. ક્યુબાનાં લોકો માટે ફ્લોરિડા સૌથી નજીકનું સ્થળ છે, પરંતુ કેટલાંક લોકો મેક્સિકો પણ જઈ શકે છે. આવી સ્થિતિમાં ક્યુબામાં અમેરિકાની મરજી મુજબ શાસનપરિવર્તન થઈ જશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**૧૯૫૯માં સામ્યવાદી ફિડેલ કાસ્ટ્રોએ ક્યુબામાં અમેરિકા સમર્થિત સરકારને ઉથલાવી દીધી ત્યારથી અમેરિકા અને ક્યુબા વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ રહ્યા છે**

## ભાવ વધવા છતાં ઓઇલ કંપનીઓને દરરોજ રૂ. 600 કરોડનું નુકશાન

**પેટ્રોલ** અને ડીઝલના ભાવમાં કુલ વધારો લગભગ 7.5 રૂપિયા પ્રતિ લિટર થઇ ગયો

નવી દિલ્હી, તા. 25: ભારતમાં દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારા છતાં સરકારી ઓઇલ માર્કેટીંગ કંપનીઓને દરરોજ આશરે રૂ. 600 કરોડનું નુકશાન થઇ રહ્યું છે. 10 દિવસમાં આ પ્રકારના ચોથા વધારામાં ફ્યુઅલ રિટેલરોએ પેટ્રોલ ભાવમાં રૂ. 2.61 પ્રતિ લિટર અને ડીઝલના ભાવમાં રૂ. 2.71 પ્રતિ લિટરનો વધારો કર્યો છે. લાંબા સમય સુધી સ્થિર થયા પછી દૈનિક સુધારાઓ ફરી શરૂ થયા પછી પેટ્રોલ અને ડિઝલના ભાવમાં કુલ વધારો લગભગ 7.5 રૂપિયા પ્રતિ લિટર થઇ ગયો છે. પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે, જો તમે વૈશ્વિક સ્તર પર નજર કરો તો મોટર સ્પિરિટ માટે 22 ટકા અને હાઇસ્પીડ ડિઝલ માટે 27 ટકાની રેન્જમાં વધારો કરવામાં આવ્યો છે. પરંતુ ભારતમાં આ વધારો ઘણો ઓછો છે. સરકારે પેટ્રોલ-ડિઝલ પરની એકસાઇઝ ડ્યુટીમાં રૂ. 10 પ્રતિ લિટરનો ઘટાડો કર્યો છે, જેના પરિણામે રૂ. 14000 કરોડની આવક પર અસર પડી છે. આમ, તમામ પગલાં લીધા બાદ પણ ઓઇલ માર્કેટીંગ કંપનીઓ દરરોજ રૂ. 1000 કરોડનું નુકશાન કરી રહી હતી, તે ભાવ વધારા બાદ પણ દરરોજ રૂ. 600 કરોડનું નુકશાન કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતમાં રિટેલ પેટ્રોલ અને ડિઝલના ભાવ એપ્રિલ 2022ની શરૂઆતથી મોટાભાગે યથાવત રહ્યા હતા, જેના કારણે માર્કેટીંગ માર્જિન સંકુચિત થયું હતું અને ઓએમસી બેલેન્સશીટ પર દબાણ વધ્યું હતું. શર્માએ જણાવ્યું હતું કે, સ્થાનિક બજારની જરૂરિયાતોને પહોંચી વળવી એ સરકારની પ્રાથમિકતા છે અને દેશ ક્રુડનો સ્ત્રોત ચાલુ રાખશે, જે રિફાઇનર્સ માટે તકનીકી અને વ્યાવસાયિક રીતે યોગ્ય છે.

## ઈરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધના અંતની આશાએ ક્રૂડમાં નરમાઈ

**ક્રુડના** ભાવમાં છ ટકાથી વધુના ઘટાડાને પગલે ભાવ પ્રતિ બેરલ 100 ડોલરથી નીચે ઉતર્યો

મુંબઈ, તા. 25 : અમેરિકા અને ઈરાન વચ્ચે હવે સમજુતી થશે તેવા આશાવાદે આજે ક્રૂડના ભાવમાં 6 ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો અને ભાવ 100 ડોલર પ્રતિ બેરલથી નીચે આવ્યા હતા. વૈશ્વિક ઉર્જા પુરવઠામાં આવેલા વિક્ષેપો હવે દૂર થશે તે આશાએ આ ઘટાડો આવ્યો છે. આજે બ્રેન્ટ ક્રૂડના ભાવ પ્રતિ બેરલ 6.11 ટકા ઘટીને 97.32 ડોલર અને યુ યાસ ડબ્લ્યુટીઆઈ 5.88 ટકા ઘટીને 90.72 થયો છે. બંને બેન્ચમાર્ક લગભગ બે અઠવાડિયામાં તેમના સૌથી નીચા સ્તરને સ્પર્શી ગયા હતા. એમસીએક્સ પર પણ ક્રૂડના ભાવ 5.36 ટકા ઘટીને રૂ. 8,677 થયા હતા. પશ્ચિમ એશિયા કટોકટી અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ થવાના પરિણામે આ વર્ષની શરૂઆતમાં ક્રૂડના ભાવ લગભગ $120 ની ઉંચી સપાટીને સ્પર્શ્યા પછી, ક્રૂડ ઓઈલના ભાવમાં ફરી એકવાર તીવ્ર ઘટાડો થયો છે. યુએસ-ઈરાન શાંતિ સમજૂતીના આશાવાદે બજાર સકારાત્મક પ્રતિક્રિયા આપી રહ્યા છે જે આખરે ઈરાની તેલ નિકાસ ફરીથી ખોલી શકે છે. ક્રૂડમાં વૈશ્વિક ઘટાડા છતાં, ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ છેલ્લા 11 દિવસમાં ચાર વાર વધ્યા છે. બ્રોકરેજ અપેક્ષા રાખે છે કે ક્રૂડ ઓઈલના ભાવ 2026 સુધી ઊંચા રહેશે અને 2027 માં ઘટાડો થશે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટેના સમજૂતી પત્ર "મોટા પ્રમાણમાં વાટાઘાટો" કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું, જેનાથી આશા જાગી છે કે મધ્ય પૂર્વમાં તણાવ વધુ ઠંડો પડી શકે છે.

## રોલ્સ રોયસને ટક્કર આપે તેવી ચીની બનાવટની કાર

**મેક્સ્ટ્રો** S800 સેડાન કાર હુવેઇની ટેક્નોલોજી ધરાવે છે, જાતે પાર્ક થઇ શકે છે

**૧૮** ફૂટ લાંબી આ આ કારની કિંમત ૧.૪ કરોડ રૂપિયા છે!



શાંઘાઇ, તા. ૨૫: આ ૧૮ ફૂટ લાંબી આ ફ્યુચરિસ્ટિક લિમોઝીન, ચીનના અત્યંત ઝડપથી આગળ વધી રહેલા હાઇ-ટેક કાર ઉદ્યોગનું નવું ઉત્પાદન છે.

મેક્સ્ટ્રો S800 સેડાન કાર, તેના આકર્ષક ટુ-ટોન કલર અને વૈભવી લેધર ઇન્ટિરિયર સાથે, પહેલી નજરે અદ્દલ રોલ્સ-રોયસ જેવી જ દેખાય છે. પરંતુ આ ચમકતી સપાટીની પાછળ, મેક્સ્ટ્રો હાઇ-એન્ડ ટેક્નોલોજીથી સજ્જ છે, જે અલ્ટ્રા-લક્ઝરી સેગમેન્ટમાં પ્રવેશવા માટે ચીની ઓટોમેકર્સના મહત્વાકાંક્ષી પ્રયાસોને દર્શાવે છે. ચીનના હેફેઇ શહેરમાં બનેલું આ ૧,૩૦,૦૦૦ પાઉન્ડ (આશરે ૧.૪ કરોડ રૂપિયા)નું વાહન, ૧,૦૦૦થી વધુ રોબોટ્સની મદદથી એસેમ્બલ કરવામાં આવ્યું છે. આ કાર હુઆવેઇની ટેક્નોલોજી દ્વારા સંચાલિત છે - જે ચીની ટેક જાયન્ટ કંપની તેના સ્માર્ટફોન અને ઇલેક્ટ્રોનિક્સ સામ્રાજ્ય માટે વૈશ્વિક સ્તરે વધુ જાણીતી છે. આ કાર ચીની કાર ઉત્પાદકોની વ્યૂહાત્મક ગતિશીલતા દર્શાવે છે, તેઓ આ વાતથી સારી રીતે વાકેફ છે કે તેમની પાસે મર્સિડીઝ કે રોલ્સ-રોયસ જેવી બ્રાન્ડ્સ જેવી સદીઓ જૂની પ્રતિષ્ઠા નથી. તેથી, તેમનો અભિગમ અત્યંત આધુનિક છે, તેઓ ગ્રાહકોને અદ્યતન ટેક્નોલોજી અને ગેજેટ્સથી આકર્ષિત કરે છે. મેક્સ્ટ્રોની અંદર, પાછળની સીટ પર બેસતા મુસાફરો માટે ૪૦-ઇંચનું ડિસ્પ્લે અને લગભગ ૪૦ સ્પીકર્સ ધરાવતી સાઉન્ડ સિસ્ટમ આપવામાં આવી છે, જે પાછળની સીટને પરંપરાગત લિમોઝીન કેબિનના બદલે એક ખાનગી સિનેમા હોલમાં બદલી નાખે છે. આ કાર પોતાની જાતે પાર્ક પણ થઈ શકે છે, જે તેની ફ્યુચરિસ્ટિક ક્ષમતાને વધુ મજબૂત બનાવે છે.

## દેશમાં એક લાખ કરોડ રૂપિયાના કોઈ દાવેદાર નથી

**બેન્કમાં** 83000 કરોડ, વીમા અને શેરમાં 24000 કરોડના દાવા વગરના નાણા પડ્યા છે

નવી દિલ્હી, તા. 25: ભારતમાં બેન્કો અને વીમા કંપનીઓમાં અનકલેઈમ થાપણ સતત વધી રહી છે. ખરેખર આ નાણા પર કોઈએ કોઈ દાવો કર્યો નથી. જેને અનકલેઈમ ડિપોઝિટ કહેવામાં આવે છે. સરકાર દ્વારા લોકસભામાં આપવામાં આવેલા આંકડા અનુસાર, નાણાકીય વર્ષ 2026માં ભારતીયોની કુલ દાવેદાર નાણાકીય સંપત્તિ વધીને 1.1 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. જેમાં રૂ. 83000 કરોડથી વધુની રકમ અનકલેઈમ બેન્ક ડિપોઝીટના રૂપમાં 10000 કરોડ રૂપિયા અનકલેઈમ શેરના રૂપમાં અને 14000 કરોડ રૂપિયા અનકલેઈમ ઈન્સ્યોરન્સ પોલિસીના રૂપમાં છે. આ અસ્કયામતો પર કોઈ દાવો કરતો નથી, હાલમાં તે વિવિધ નિયમનકારો આરબીઆઈ, સેબી ને આઈઆરડીએના નિયંત્રણ હેઠળ છે. રિઝર્વ બેન્ક આ નાણાં ડિપોઝીટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડમાં રાખે છે.

## ક્રૂડમાં નરમાઈથી સોના અને ચાંદીમાં ચમક પાછી ફરી

**એમસીએક્સ** પર ચાંદી રૂ. 5010 સુધી ઉછળી: સોનામાં રૂ. 670નો વધારો

મુંબઈ, તા. 25 : અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ સમાપ્તિની આશાએ આજે ક્રૂડ ઓઈલમાં નરમાઈ અને ડોલરની નબળાઈએ સોના અને ચાંદીમાં ઝડપી રિકવરી જોવા મળી છે. રોકાણકારોની નજર હવે ફેડ અને પશ્ચિમ એશિયા તણાવ પર છે. લોકોમાં હવે ક્રૂડનો પુરવઠો પુનઃસ્થાપિત થશે તેવી આશા વધી છે.

આંતરરાષ્ટ્રિય બજારમાં સ્પોટ ગોલ્ડ 4,565 ડોલર પ્રતિ ઔંસના સ્તરે પહોંચ્યું છે. જે આજના દિવસમાં 1 ટકાનો વધારો દર્શાવે છે. ચાંદી સ્પોટમાં 78 ડોલર પ્રતિ ઔંસ ટ્રેડ કરી રહી હતી જે 3 ટકાથી વધુનો વધારો દર્શાવે છે. ડોલર ઈન્ડેક્સ પણ સોમવારના કારોબારમાં કમજોરી સાથે કારોબાર કરતો જોવા મળ્યો છે, જે વિશ્વની છ મુખ્ય મુદ્રાની સરખામણીએ અમેરિકી મુદ્રાની મજબૂતીને માપે છે.

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૩૫૧૦ |
| તેજાબી સોનું | ૧૬૩૪૨૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૫૩૩૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૬૦૨૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૩૫૧૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૭૨૫૦ |
| ચાંદી સિક્કા | ૨૭૮૭૫૦ |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૮૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૦૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૯૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૮૦ | તલતેલ | ૪૬૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૪૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૩૬૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ

ટચૂકડી

મંગળવાર, શુક્રવાર, રવિવાર

હવે શબ્દ દીઠ ₹ ૯ +(GST)

ઓછામાં ઓછા ૧૨ શબ્દો

: જાહેરખબર આપવા માટે મળો :

ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**PRESIDENT PEST CONTROL**

35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**

LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**વુલન સ્વેટર,**

રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**કબૂતર, મચ્છર જાળી**

ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**CM PEST CONTROL**

લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઘરબેઠા રીપેરીંગ**

વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

**ઘરબેઠા TV, LCD,**

LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામીની ઈલેક્ટ્રનિકસ, અડાજણ, 9898302700

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**(સાગર- 9427113317)**

અધિકમાં સોમનાથ, નાગેશ્વર, દ્વારકા, સારંગપુર, (AC બસમાં) 18- જુન ગોવામાં 3 નાઈટ,

**મહાદેવ ટુર એન્ડ**

ટ્રાવેલ્સ. (ગળતેશ્વર, ડાકોર) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) (દ્વારકા, સોમનાથ). (આબુ, અંબાજી) (શિરડી, સાપુતારા) (મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ) 7802062340 (116)

**ઓમશિવ ટ્રાવેલ્સ**

27- મેં, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, 28- મેં, ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

નોકરી વિષયક

**અમારે સાફ સફાઈ**

થતા બાથરૂમ ધોવા માટે મહિલા કે પુરુષની જરૂર છે સમય સવારે 8 વાગેથી સાંજે 5 વાગે સુધી પગાર વ્યવસ્થિત આપીશું. મો. નં. 9429618212

1BHK & 2BHK ફ્લેટ વેચાણથી આપવાના છે ઉધના મેઈન રોડ ઉપર 99247 27555

**Required Marketing**

Executive At Least 2 Years Experience to Sale Bopp, Masking Tape, Cello Tape etc For Surat, Bharuch, Dahej Navsari Area in Industries and Retail Market Contact: Aa Bb Maxx Adhesive co- Surat Mobile - 9079716228 Email id - aabbmaxxadhesive@gmail.com

**જરૂરી**

લાયસન્સ ધરાવતા ફાર્માસિસ્ટ (બી.ફાર્મ/ ડી.ફાર્મ) સૈફી મેડિકલ ઉધના માટે, 8866013052, પર કોલ કરો.

**જોઈએ છે**

રસોઈ માટે બહેન/ ભાઈ. રસ ધરાવનારે નીચેના નંબર પર સંપર્ક કરવો 9687419067 (114)

**જોઈએ છે.**

પાલ અને અડાજણ, સુરત ખાતે આવેલ મહિલા PGમા ઘરકામ માટે બહેનો, વિધવા, ડિવોર્સ, એકલા રહેતા અથવા કોઈપણ બહેનો. રહેવા અને જમવાની સુવિધા મળશે. 9924073970

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**

**M. 9879663828**

ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.